# પ્રકરણ ૩

# સ્નેહયોગનો પૂજારી.

## પ્રકરણ ૩

## સ્નેહયોગનો પૂજારી

રાગ અને વિરાગની વચ્ચે ઝોલાં ખાતાં યુવાન હૃદયનું કાર્યક્ષેત્ર ઇ.સ. ૧૯૦૬થી ત્રણ વિભિન્ન શાખાઓમાં વિસ્તર્યું હતું. ૧. સાહિત્ય પ્રવૃત્તિ ૨. જનસેવાની પ્રવૃત્તિ અને ૩. આત્મવિકાસ માટેની આધ્યાત્મિક પ્રવૃત્તિ.

સાહિત્યપ્રવૃત્તિ એમના સ્વભાવનું એક અંગ બની ગઇ હતી. એ એમનો શોખનો વિષય હતો.[1] 'બુધ્ધિપ્રકાશ', 'સુદર્શન', 'જ્ઞાનસુધા', 'સમાલોચક' જેવાં માસિકોમાં વિવેચનાત્મક ચર્ચાઓ, કાવ્યો અને લેખો દ્વારા સાહિત્યપ્રવૃત્તિનો પ્રવાહ અવિરતપણે ચાલુ રહ્યો હતો. પરિણામે ઇ.સ. ૧૯૦૬ના પ્રારંભથી જ શ્રી. જગન્નાથે પણ તે સમયના ગુજરાતના સાક્ષરો "કાન્ત" "પ્રેમભક્ત" "સેહેની", "મકરન્દ" વગેરે સાહિત્યપ્રવૃત્તિ માટે તખલ્લુસનો ઉપયોગ કરતા, તેનું અનુસરણ કરતાં પોતાને માટે તખલ્લુસ રાખીને લખવાનો નિર્ણય કર્યો.

અત્યાર સુધી પોતાના નામથી જ લખતા શ્રી. જગન્નાથે આ વર્ષમાં બુધ્ધિપ્રકાશમાં પ્રગટ થયેલા લેખોમાં લેખક તરીકે પોતાના મૂળ નામને બદલે સાગર તખલ્લુસ જ પ્રયોજ્યું છે.

"કલાપી" ના તલસ્પર્શી અભ્યાસને પરિણામે ઇ.સ. ૧૯૦૭માં "કલાપી અને તેની કવિતા" નામનો વિવેચનલેખ લખવાનો સાગરે પ્રારંભ કર્યો, અને હપ્તે હપ્તે એ લેખાંક 'બુધ્ધિપ્રકાશ'માં અને 'જ્ઞાનસુધા'માં પ્રસિધ્ધ થયો. ગુજરાતના તે સમયના સાક્ષરોનું આ વિવેચનલેખ દ્વારા

...........

[1]જુઓ પરિશિષ્ટ-૨.

"સાગર" તરફ ધ્યાન ખેંચાયું. શ્રી. રમણભાઇ અને "કાન્ત" સાથેના નિકટના સંબંધને કારણે "સાગર" ને કવિ અને વિવેચક તરીકેની લોકપ્રિયતા પ્રાપ્ત થવા માંડી. ઇ.સ. ૧૯૦૮ના જ્ઞાનસુધાના જાન્યુઆરીથી જૂનના ભેગા પ્રકટ થયેલા અંકમાં "સાગર" ના અગિયાર કાવ્યો અને "કલાપી અને તેની કવિતાનો લેખાંક ૧" પ્રગટ થયેલો, એ જ તે સમયની "સાગર" ની લોકપ્રિયતાનો સબળ પુરાવો છે. "જ્ઞાનસુધા" ઉપરાન્ત "સુદર્શન" "બુદ્ધિપ્રકાશ" અને "વસંત" જેવાં માસિકોમાં પણ તેમનાં કાવ્યો અને લેખો અવારનવાર પ્રગટ થતાં. પરંતુ ઇ.સ. ૧૯૦૮-૧૦ ના ગાળામાં "જ્ઞાનસુધા" માં તો એમનાં જ કાવ્યો સૌથી વિશેષ પ્રગટ થયાં હતા.

સાહિત્ય પ્રત્યેની અભિરુચિને પરિણામે, ઇ.સ. ૧૯૦૯ માં "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" માં થોડાક માસ જોડણીકોષના કાર્યમાં સાહિત્યપ્રીતિને કારણે એમણે નોકરી સ્વીકારેલી પણ એમનું મન આ કાર્યમાં પરોવાયુ નહીં. પરિણામે, રાજીનામું આપી એમણે આ નોકરી પણ છોડી દીધી[2], અને તે સમયે એમના હૃદયે "બન્ધવિમોચન" નામના એ પ્રસંગે લખાયેલા કાવ્ય દ્વારા જાહેર કર્યું કે:

હવે છૂટો થયેલો છું: ફરી કેદી નથી થાવું :
ગુનેહગારી કરી પૂરી: ફરી નથી મોતમાં જાવું.

"દીવાને સાગર", દ.૧, પૃ. ૧૦૧

ઇ.સ. ૧૯૦૯માં (એમના લઘુબંધુ શ્રી. મણિભાઇ દ્વારા) "સાગરે" 'થાકેલું હૃદય' નામક કથાકાવ્ય પ્રગટ કર્યું. આ આખુંયે આશરે સો પૃષ્ઠનું

...........

[2]"સાગર" જીવન અને કવન પૃ.૬૦

હૃદયચિત્ર "જ્ઞાનસુધા" માં છપાયેલું, તે સમયે શ્રી. રમણભાઇએ ખેલદીલીપૂર્વક પ્રશંસાનાં પુષ્પો વેરેલાં[3].

એકાન્તવાસ પછી ૧૫ મી ઑકટોબર, ૧૯૧૦ ની પોતાની આંતરનોંધમાં 'સાગર' દર્શાવે છે તે પ્રમાણે એમના દિલની સ્થિતિ બદલાઇ. "કશું લખવું ગમતું નથી, મ્હારી કવિતા મ્હને રુચતી નથી. ઉર્દૂ ગઝલો મને બહુ સારી લાગે એ સ્વભાવ પણ કોણ જાણે કેમ બદલાઇ ગયો. કવિતા તરફ પ્રીતિ કે રુચિ જ થતી નથી. પ્રભો! મ્હારે શાયરી નથી જોઇતી. શાયરીના દરખત મ્હારા ચોગાનમાં જેટલાં હોય તે બધામાં હવે તો ખારાઇ જ મિલાવવી મુનાસિબ છે. એ દરખત બધું જ ખાતર ખાઇ જાય તો આશકને બહુ જબરી ખોટ જાય, પણ એ વિચાર માલેકને કરવાનો છે. હું શા માટે કરું?"[4]

આત્મમંથનનો પ્રારંભ થતાં 'સાગરે' પોતાની અંગત ડાયરીમાં નોંધ્યું છે તેમ: "ભવ્ય અને આલંકારિક જણાતી સાહિત્યની ઉંચી વસ્તુની કદર કરવાની શકિત ઘસાતી જાય છે, એવો હંમેશાનો હવે અનુભવ થતો ચાલે છે." દિલની આવી દશા છતાં ગઝલો પ્રત્યેનો પ્રેમ ઓછો થયો નહીં, પરિણામે ઇ.સ. ૧૯૧૩ ના પ્રારંભમાં જ ગુજરાતના મશહૂર ગઝલકારોની ગઝલોનું સંપાદન કરવાનો નિર્ણય કરી એ જ વર્ષમાં "ગુજરાતી ગઝલિસ્તાન" નામે એક ગઝલસંગ્રહનું એમણે સંપાદન કર્યું. (આ સંપાદન કાર્યમાં પણ એમના લઘુબંધુ શ્રી. મણિભાઇએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો.)

ઇ.સ. ૧૯૧૩ સુધીની સાહિત્યપ્રવૃત્તિના પરિચય પછી આપણે બીજા ક્ષેત્રમાં પ્રવેશ કરીએ. પિતાએ આદરેલી અધૂરી રહેલી જનસેવાની પ્રવૃત્તિને

...........

[3]"થાકેલું હૃદય" - નું અવલોકન : દ્વિતીય આવૃત્તિ:

[4]સાગરની નોંધ 'સાગર' - જીવન અને કવન પૃ. ૬૪-૬૫.

આગળ ધપાવવાનું મુખ્ય કર્તવ્ય પોતાના જીવનમાં પૂર્ણ કરવાનો સમય પાકી ગયો છે, એમ લાગતાં વિવિધ પ્રવૃત્તિઓનો શ્રી. જગન્નાથે પ્રારંભ કર્યો. ઈંગ્લીશ સ્કૂલમાં ઑનરરીશિક્ષક તરીકે, એ.વ.સ્કૂલના તથા બા.જ.લાયબ્રેરીના સેક્રેટરી તથા બોર્ડિંગમાં વ્યવસ્થાપક તરીકે અને એમણે શરૂ કરેલા "મોઢ બ્રાહ્મણ શુભેચ્છક" માસિક ઇ.સ. ૧૯૦૭ માં પોતાના તંત્રીપદે 'સાગરે' શરૂ કર્યું.[5] પોતાની જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓનો નિર્દેશ કરતા એક પત્રમાં 'સાગરે' જણાવ્યું છે કે: "મનુષ્ય બીજાને માટે જ જન્મ્યો છે, પોતાને માટે નહીં" અને પરોપકારાર્થમિદં શરીરં એ બે તે સમયનાં જીવનસૂત્રો હતાં. બીજા શબ્દોમાં કહીએ તો વારસામાં મળેલો ગીતાનો આ કર્મયોગ જ હતો.[6]

વીરચંદ કે [illegible] જીવનમાં [illegible] – એ સમાજ સુધારક તરીકેનું 'સાગર'નું ([illegible]) "મોઢ બ્રાહ્મણ"ના 'સાગર'ના તંત્રીલેખો દ્વારા જ્ઞાતિની જડ રૂઢિઓ, નાતવરા, કજોડાં તેમજ બાળલગ્ન પર એમણે કરેલા સખત પ્રહારો દ્વારા સમાજ સુધારા માટેની એમની ધગશ સ્પષ્ટ પ્રતીત થાય છે

પોતાની જ્ઞાતિના વિધ્યાર્થીઓને મફત રહેવાની અને જમવાની વ્યવસ્થા અમદાવાદમાં થઇ શકે એ હેતુથી બોર્ડિંગની સ્થાપના કરી. "મોઢ બ્રાહ્મણ" પત્રમાં તે માટે અપીલ કરી, તે દ્વારા તે માટેનું ફંડ પણ એકઠું કરી તેનું 'સાગરે' સંચાલન પણ કર્યું હતું. એક વર્ષ ઉપરાન્ત આ વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ રાખ્યા પછી સત્ય અને હિતના આદર્શ જીવનસિધ્ધાંતને કારણે એમની આ પ્રવૃત્તિઓ સામે એક વિરોધીવર્ગ પણ ઊભો થયો અને એમના જનસેવાના માર્ગમાં અનેક પ્રકારની

...........

[5] 'સાગર' ની પત્રરેખા પૃ. ૫૨૪

[6] એજન, પૃ. ૫૨૫.

મુશ્કેલીઓ ઊભી થઈ. પણ આ યુવાન હૃદયે એમના વિરોધીઓ સામે પોતાનું અચલ માનસ "મોઢ બ્રાહ્મણ" માસિકના મુખપૃષ્ઠ ઉપર નીચેની પંક્તિઓ છાપી રજૂ કર્યું:

છોને અનેકાનેક તલવારો ઝઝૂમે શિર પરે,
છોને બુરાઇ માનીને મિત્રો બધા વેરી બને,
છોને દયાહીન દુશ્મનો બહુ જુલ્મી લશ્કર મોકલે
તોયે ડરે ના જે કલમ હિત, સત્ય, સ્નેહ અનુસરે.

"દિવાને સાગર" દ.૧, "સત્યવિજય"
પૃ. ૭૩

ઇ.સ. ૧૯૦૮ના જાન્યુઆરી માસમાં પ્રારંભ કરેલા માસિકનું નામ "મોઢ બ્રાહ્મણ" રાખ્યું હતું. આ માસિકના ગ્રાહકો વર્ષને અંતે પાંચસો કરતાં યે વધારે નોંધાયા હતા. માત્ર એક જ વર્ષમાં આ પત્રે આખાયે "મોઢ બ્રાહ્મણ" સમાજમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. અનેક ગામોમાં સુધારા અંગે જ્ઞાતિના સમૂહ ઠરાવો થયા હતા. કુરિવાજો ઉપરના સખત પ્રહારો તથા એવું જ આગ્રહી વર્તન હોવાને કારણે સરખેજમાં એમની વિવિધ પ્રવૃત્તિઓને તોડી પાડવા ઊભા થયેલા વિરોધ પક્ષ સામે "સાગરે" "ચેતનની પૂજા" અને "દયાલુ દેવ દે માફી" કાવ્યોમાં પોતાનો આદર્શ જાહેર કરતાં "સાગર" જણાવે છે કે:

અસત્યો છેદવાનું છે, પ્રભો! તારે: નથી મારે,
પ્રભો! જીત્યુ નથી જાણ્યું કદિ અજવાળું અંધારે.

"દિવાને સાગર", દ.૧, પૃ. ૨૩૮

o o o

હરિરેવ જગત જગદેવ હરિ: ગૂઢ મંત્ર પરિચિત થાય.
જનહિત યજ્ઞની વેદિ પરે, "નિજ" હોમ્યે ઇશ પૂજાય.
વ્હાલી ચેતનની પૂજા.
"દીવાને સાગર" -૯૧ પૃ. ૭૬

જાણે કે "સાગર"નું જીવનચક્ર માત્ર એમની એકલાની જ આધ્યાત્મિક પ્રવૃત્તિ માટે બદલાતું ન હોય તેમ માત્ર સવા વર્ષના ટૂંકા ગાળામાં જ જનહિતની આ સર્વ પ્રવૃત્તિઓ "સાગરે" છોડી દીધી, પણ "મોઢ બ્રાહ્મણ" માસિક પત્ર અને વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન તથા પોતાના જીવનસિધ્ધાંતોનું દૃઢ પાલન અને આચરણ જોઇ એમને ચાહનાર એક વર્ગ પણ આ સમયે ઊભો થયો હતો. આ ગુણપૂજક વર્ગમાં ગામના કેટલાક મુખ્ય આગેવાનોનો સમાવેશ થયેલો.

"સાગર"ની જનહિતની પ્રવૃત્તિઓની જેમણે ટીકા કરી "સાગર"ને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો હતો તેવી વિરોધી વ્યક્તિઓને તેમજ સરખેજના મોઢ બ્રાહ્મણ સમાજને સાચી પરિસ્થિતિનું નિદર્શન કરાવવાના હેતુથી ગામના સાત આગેવાનો તરફથી ઇ.સ. ૧૯૧૦ના નવેમ્બરની પહેલી તારીખે "સરખેજના ભાઇઓને" નામે એક વિજ્ઞાપના છપાવીને જાહેરમાં વહેંચવામાં આવી. એમના ગુણપૂજક વિજ્ઞાપકોએ "સાગર"ના કાર્યની સમાલોચના કરતાં આ પુસ્તિકા દ્વારા જાહેર કર્યું હતું કે, "જે હૃદયે સરખેજની હાલની અને ભાવિ પ્રજાની અતિ ઉપયોગી સેવા કરી છે, તેના તરફ જે ગેરવાજબી વર્તણૂક ચલાવવામાં આવી છે તે આખા સરખેજના અહિતનું જ ચિહ્ન છે. પણ એ વિષે આ પ્રસંગે વધારે કહેવાની જરૂર નથી. બહુ જ લાગણીથી અને ઘણાં સહૃદય ભાઇઓને વાજબી ફરજ લાગવાથી જ નિરુપાયે આ હકીકત જાહેરમાં મૂકવી પડે છે.

જે વર્તન ચલાવવામાં આવ્યું છે તે માટે ઘણા ભાઇઓ અતિશય દિલગીર થયા છે, અને ખોટું કરનારાઓ જાતે દિલગીર થાય તો બસ છે, કેમ કે ખરો પશ્ચાત્તાપ અપરાધનું નિવારણ હોઇ શકે ૦૦ ૦૦૦ ૦૦૦

કેટલીક મુદતથી સરખેજમાં ભાઇ "સાગર" એકાન્તવાસ ગાળે છે. કશા વ્યાવહારિક યા સામાજિક કાર્યમાં તેઓ બિલકુલ ભાગ લેતાં નથી. છતાં સરખેજ હિતવર્ધક યુવક મંડળના અત્યાગ્રહથી ત્હેની એક મીટીંગમાં તેમણે પ્રમુખપદ પરાણે સ્વીકારેલું. તે ઉપરાન્ત તેમણે પોતાનો એકાન્તવાસ છોડી અન્ય કોઈપણ સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો જ નથી. તેમને ચહાનારાં હૃદયો ગામમાંથી તેમ જ પરગામથી તેમને આશ્રમે આવે છે અને તેમની સાથે ખાસ કરીને ધાર્મિક અને જીવનના મહત્ત્વના મૂળ પ્રશ્નો વિષે તેઓ વાતચીત કરે છે. બીજી કોઇપણ જાતની પ્રવૃત્તિઓમાં તેઓ કદાપિ પડતા નથી. છતાં, ઘણાઓ સારીપેઠે જાણે છે તેમ થોડાક દિવસ પહેલાં એવો ગમખ્વાર બનાવ બન્યો કે જેને લીધે કેટલીક હકીકત જાહેર સમક્ષ રજૂ કરવી એ અમને ફરજ તરીકે આવશ્યક જણાય છે. એ સાધુ બાંધવની નિવૃત્તિમય વૃત્તિથી સરખેજના બન્ધુઓ ખરેખર કેવળ અજ્ઞાત છે, તેથી તેમની એ નિવૃત્તિમય વૃત્તિ સંબંધે અમુક બન્ધુઓ ગમે તેવાં પોતાને રુચતાં અનુમાનો કરી લઇને ફાવતી વાતો માને છે. અને. બીજાઓને તેવું મનાવવા પ્રયત્ન સુધ્ધાં કરે છે. એ જોઇને, બેશક, સહૃદય બન્ધુઓને અતિશય ખેદ થાય છે અને તેથી એ ભાઇની સામ્પ્રત સ્થિતિનું દિગ્દર્શન કરાવવું એ આ પ્રસંગે ઉચિત જણાયે છે.

તેઓ એમ માને છે કે આપણી ઉછરતી પ્રજાને ભાઇ "સાગર" આકર્ષણ કરે છે અને તેને પરિણામે યુવક મંડળમાં બેચેની પ્રસરી બગાડ થાય છે.

"સાગર" મહાશય હાલના શાન્ત અને એકાન્તિક જીવનમાંથી કંઇક વિશેષ હકીકત જાહેર સમક્ષ બોલવા ચ્હાતા નથી, એટલું જ નહીં પણ નીચે ઉતરી આવી ફરી સમષ્ટિને ભણાં તો હલાવવાને સુધ્ધાં પણ ઇચ્છતા નથી.

તેમને ચહાનારાં ભાંડુઓને ઇશ્વરકૃપાથી સર્વોપરિ સત્ય અને સર્વોપરિ હિત વિશે અને ખરા જીવન વિશે તેમના અભ્યાસમાં તેમને જે મળતું જાય છે તે બન્ધુ જણાવતા રહે છે અને ઉપરથી ઉતરતો પ્રકાશ અંદર અનુભવી શકાય તે માટે વહાલાં થયેલા ભાંડુઓની સાથે હંમેશ વિચારે છે, જડવાદમાં આખું જીવન જીવનારને એ પ્રકાશની વાતો પૈસા કે જૂઠી પ્રતિષ્ઠાની પેદાશ કરાવે એવી ન હોવાથી, ગમે નહીં તો તેમાં બીજા કોઇનો જ દોષ નથી. જેમનાં જીવન ખરેખર પ્રભુતાના અભ્યાસી કે મુમુક્ષુ કે જિજ્ઞાસુ છે જ નહીં તેમના તરફથી માન કે અપમાન, નિંદા કે સ્તુતિની ફૂટલી કોડી જેટલી પણ કિંમત ગણવાની કશી જ જરૂર નથી, કેમકે પરવા જાતની નહીં પણ જગતપતિની જ હક છે. જૂઠી ભીરુતાને જીતીને જીવનચક્ર ફેરવીને ખરા દ્વિજ થવું એ જ બ્રાહ્મણધર્મ છે. એ બન્ધુની માન્યતા એવી છે કે, હૃદયના છેક જ સાંકડાપણાંમાં અને કીર્તિ દંભ, અસત્ય વગેરે પ્રલોભનોમાં સરખેજ હાલ ઉભું છે. અને માટે જ એની આ અવદશા છે.એ અવદશાનો વિચાર કરવો એ સરખેજના પ્રત્યેક બાળકની સાચી ફરજ છે. તેમના આવા વિચારો અને ખરું લાગે તે કહી દેવાની હિંમતને લીધે, બેશક, "મોઢ બ્રાહ્મણ" પત્રના વાંચનારાઓ જાણે છે તેમ, એક કરતાં વધારે વાર કેટલીક મુસીબતો તેમના માર્ગમાં આવેલી. એ મુસીબતોએ જ પરમ કૃપાળુ પરમાત્માની પૂર્ણ દયાથી એ બન્ધુને નવો માર્ગ સર્વોપરિ હિતનો અને પ્રભુ તરફનો છે એ જ તેમને ચહાનારા ખરા હૃદયથી માને છે. અને તેથી જ તેમને ચાહે છે તે તેઓને તેમ કરતાં કોઇ જ અટકાવી શકે એ સિધ્ધાંતમાં કદાપિ સમ્ભવિત નથી. એ પોતે તો "એકાન્તવાસ" ચહાનાર છે, છતાં, વહાલાં ભાંડુઓ નજીક આવે તો તેમના હૃદયની સેવા તેમને બેશક વહાલી છે.

બન્ધુઓ, આપ તેમના પર ગમે તે આક્ષેપ કરો તેની હવે તેમને મુદ્દલ પરવા નથી કેમ કે પ્રભુથી એ ભાઇ દૂર ન હોય તો બસ છે.

અલબત્ત, પડતી દશાને તેમણે કદાપિ ચડતી કહી બતાવી નથી. અસત્યોને તેમણે અસત્યો જ જાહેર કર્યાં છે. દંભને તેમણે દંભ જ કહ્યો છે. પોલાણોને પોલાણ જ કહ્યું છે, અને ગમે તેમ પડેલા પથ્થરને દેવ ન કહેતાં પથ્થર જ કહ્યો છે. છતાં આપમાંથી કોઇ એક જણ પણ પ્રયત્ન કરશો તો જયારે ચહાશો ત્યારે જોઇ શકશો કે તે ભાઇ આપ ભાઇઓના કે કોઇના પણ કદાપિ દુશ્મન નહતા, અને ખરેખર નથી જ. તેઓ જેને હિત કહે છે તેને આપ અહિત સમજો છો અને તે જેને અહિત કહે છે તેને આપ આવશ્યક ગણો છો, એ તો ફકત દૃષ્ટિભેદ અથવા અધિકાર ભેદ છે, અને તેને માટે તો લાચારી સિવાય બીજું શું હોઇ શકે!

સને ૧૯૦૮ પછી સરખેજના કોઇપણ સ્થાનિક કાર્યમાં તેમણે કશો ભાગ લીધો નથી અને લેવા ચહાતા નથી, એ એમના જીવનપરથી સ્પષ્ટ છે. એ બન્ધુ ફકત શાન્ત અને એકાન્તમાં જીવનના વિચારો કર્યા કરે છે, અને જે હૃદયો વ્હાલભર્યા ભાવથી તેમની પ્રાર્થનામાં સામેલ થાય છે અને તેમના હૃદયનો સમાગમ ચાહે છે તેમની સમક્ષ પ્રભુકૃપાથી પ્રાપ્ત વસ્તુ સ્પષ્ટ કરે છે. તેમણે જેમ મોટાઇ મેળવવાને તેમ આક્ષેપોનો ઉત્તર આપવાને પણ કદી ચાહ્યું નથી. છતાં કેવળ ચૂપકદીથી એકાન્તમાં જ રહેનાર અને કશું યે બોલવા ન ચહાનારને આ પ્રમાણે બોલવાની ફરજ પાડવામાં આવે ત્યારે પ્રભુના પ્રેમકૃપા પ્રસાદથી પ્રાપ્ત થયેલા પડઘમનો ફકત એક જ ડંકો તે વાતના હાથની પૂરી મદદથી તે દયાળુ સ્વામી આ પ્રમાણે વગડાવે છે.

બન્ધુઓ! જુઠ્ઠાનું આવરદા છાણમાંના કીડા જેટલું છે, અને સચ્ચાઇના રાહદારીઓને બચાવવાને પ્રભુનો હાથ હંમેશ જ તૈયાર હોય છે. બાહ્ય જીવનને સર્વસ્વ માનીને જીવતા જગતની પરવા છોડીને ચૈતન્ય સ્વરૂપ જગત્પતિની જ પરવા પર જીવનારના વિચારો સામે કોઇપણ દેશમાં, કોઇપણ કાળે આવા વિરોધો કદાપિ ફાવી શકયા નથી. "સહન કરો અને મજબૂત થાઓ"

એ જ સાચા રાહદારીઓને એ બન્ધુએ વખતોવખત જાહેર કરેલુ છે અને કરે છે.

કોઇના વિચારોનો કોઇની પાસે પરાણે કોઇ સ્વીકાર કરાવી શકે નહીં. કેમ કે ઊંડી ઇચ્છા ઉત્પન્ન થયા સિવાય મનુષ્ય કશું જ કરવાને પ્રેરાતો નથી, છતાં પોતાની જાતના અવલોકનના અભ્યાસ વડે અને બાહ્યની ઉપેક્ષાને ખરે માર્ગે ઇશ્વરી પ્રકાશ તેના મૂળ સ્વરૂપમાં પામવાને આપણે દરેક પ્રયત્ન કરીએ, અને તો જ ખરું જીવન પ્રાપ્ત થઇ શકે. હાલના આવા અંધારા જીવતર તે જીવન જ નથી. એ તત્ત્વના અધિકારીઓ સ્વીકારી શકશે: અને મનુએ કહેલું બ્રાહ્મણ જીવન કોઇ વિચારશો.

આટલા ઉપરથી વાંચનાર જોશે કે વસ્તુસ્થિતિનો વિપર્યાય વિશુધ્ધ દૃષ્ટિની ખામીને લીધે કેવળ અવસ્ત્વારોપિત અને ભ્રમમૂલક જ છે. પરમાત્મા આ કઠોર મામલો ભૂલી જવાને દરેકને આન્તરબળ આપે એ પ્રાર્થના છે. અસ્તુ." [૭]

પૂર્ણ સાત્ત્વિક અને વિશુધ્ધ નીતિમય આદર્શ જીવન જીવનાર અને તે પ્રમાણે જીવન જીવવા માટેનો બોધ આપનાર "સાગર" ને લોકો સાથે થયેલા સંઘર્ષ નું કારણ પણ સાગરે પોતે જ સ્પષ્ટ દર્શાવ્યું છે: " લોકો સાથેના વ્યવહારમાં એવું બન્યું કે લોકો ખુશામત જ માગતા હતા. એમની પોતાની જ પ્રશંસા માગતા હતા અને એક તસુ પણ ફરવાને કે વધવાને રાજી ન હતા. જગતને તો હુ ચાહતો હતો પણ જગતના જૂઠા રિવાજોને અને પ્રપંચોને તો તિરસ્કારથી જ જોતો. અને તેમાં ભળી શકતો નહીં, તેમ જ જૂઠાને તો જૂઠું જ કહેતો હતો. મારી આ પ્રકૃતિ પરમાત્માને તો ગમે, પણ પ્રપંચને જ ચાહનારી આસપાસની દુનિયાદારીની વૃત્તિને એ ગમ્યું નહીં અને તેથી એ પ્રવૃત્તિ ચાલુ રાખવાનું મને ઉચિત લાગ્યું નહીં.[૮] જનસેવાની પ્રવૃત્તિઓ બંધ થતાં હૃદયમાં પ્રગટેલી વૈરાગ્ય ભાવનાને પ્રબળ વેગ મળયો એ સમજાવતાં

...........

[૭] "સરખેજના ભાઇઓને" - પુસ્તિકામાંથી

[૮] "સાગર"ની પત્ર રેખા" પૃ. ૫૨૬

'સાગર' કહે છે કે: "ઉદાસીન વૃત્તિઓ તો હતી જ અને એમાં આવા અનુભવ પછી એની મેળે જ બળ પુરાયું. જગતના જગતપણામાં જે કાંઇ શ્રધ્ધા જેવું હતું તે ઉઠી ગયું, વ્યવહારમાં કશો વિશ્વાસ રહ્યો નહીં અને "એ માત્ર એક સ્વપ્નું છે" એવું સન્ત પુરુષો કહી ગયા છે તે સ્વાભાવિક અનુભવ વડે જ જોવાયું".[૯]

જ્ઞાતિસેવા અને જનહિતની પ્રવૃત્તિઓના કાર્યમાં પણ ઉદભવેલો સંઘર્ષ નિહાળતા જગતના રિવાજોને પ્રપંચોને કારણે જગતની સુધારણા કરતાં આત્મસુધારણા તરફ વધુ લક્ષ્ય આપવાનું એમને મુનાસિબ લાગ્યું. પરિણામે એમણે ઇ.સ. ૧૯૦૮ના અંતમાં જ સર્વ જનહિત પ્રવૃત્તિઓ સંકેલી આત્મકલ્યાણના પ્રયત્નો આરંભી દીધા.

"કલાપીના કેકારવ" ના અભ્યાસ પછી 'સાગર' "સ્નેહયોગ" ના પૂજારી બન્યા હતા. જગતભરના પ્રેમાચિન્તકોનો સ્નેહનો આદર્શ કયા પ્રકારનો છે તે જાણવા માટે ઇ.સ. ૧૯૦૮ ના પ્રારંભથી જ 'સાગરે' પ્રેમધર્મ મીમાંસકોના વિશિષ્ટ ગ્રન્થોનો અભ્યાસ આરંભી દીધો હતો.

સ્વીડનબર્ગ, સ્વામી રામતીર્થ, વિવેકાનન્દ, એમર્સન, કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોય, મન્સૂર, ડેન્ટીનું "ડીવાઇન કોમેડી" ગેટેનું "સોરોઝ ઓફ યંગ વર્થર" અને ફોસ્ટ નાટક, જલાલ ઉદદૃીન રૂમી સાહેબનું મસ્નવી, મહમૂદ શબીસ્તરીનું ગુલ્શને રાઝ, ભગવાન શ્રીકૃષ્ણનો ભકિતયોગ અને નારદના ભકિતસૂત્રનો અભ્યાસને પરિણામે 'સાગર' ને સ્પષ્ટ સમજાયું કે પરમાત્માની પ્રાપ્તિ જ્ઞાન કે યોગ કરતાં પ્રેમ ભકિત દ્વારા સહેલાઇથી થઇ શકશે. આ અભ્યાસનો નિષ્કર્ષ તે 'સાગર' નો સ્નેહ યોગ-પ્રેમધર્મ.[૧૦]

...........

[૯] એજન,

[૧૦] 'સાગર' જીવન અને કવન', પૃ.૪૧

ઇ.સ. ૧૯૧૧ના ઓગસ્ટની બાવીસમી તારીખે શ્રી. ચન્દ્રશંકર ન. પંડયાને લખેલા એક પત્રમાં "સાગરે" પોતાનો સ્નેહયોગ આ રીતે સમજાવ્યો છે: "સામાન્ય સ્નેહ કરતાં અતિશય, ઉન્નત, અતિશય દૃઢ અને એટલે કે અનન્ય સ્નેહ જેને હું સર્વોપરિ સ્નેહ કહું છું યા સ્નેહયોગ કહું છું તેનો હું પૂજારી છું અને ચિત્તની તમામ વૈવિધ્યવાહિનીઓએ એક જ કેન્દ્ર તરફ સ્વભાવત: અભિમુખ થયેલી હોય એટલું જ નહીં પણ આન્તરના અર્પણે એ કેન્દ્રસ્થાન પૂજાતું હોય એ દશાને હું સ્નેહયોગ કહું છું.[11]

ઇ.સ. ૧૯૦૯ માં અમદાવાદમાં આવેલી માણકેશ્વર મહાદેવ નામની એકાન્ત જગ્યાએ[12] એમણે સ્નેહયોગની પૂર્વતૈયારી માટેનો અભ્યાસ કર્યા પછી "સાગર" ઇ.સ. ૧૯૦૯માં "કલાપી" ની સમાધિના દર્શને ગયા. તે સમયથી જ "કલાપી" ને "સાગરે" મનોમન ગુરુ તરીકે સ્વીકાર્યા ફરીવાર ઇ.સ. ૧૯૧૦ ના જાન્યુઆરીની બાવીસમી તારીખે "સાગર" લાઠી ગયા, તે સમયે "સમાધિસ્થ સ્નેહયોગી" ને કાવ્યદ્વારા "કલાપી" ને ગુરુ તરીકે અંજલિ આપતાં "સાગરે" ગાયું કે:

દીધી, ગુરુ, તેં મને દીક્ષા, હવે માગીશ હું ભિક્ષા
ગુરો, આજે અગર કાલે, શીખું છું હું અહાલ્લેક.

'દીવાને સાગર', દ.૧, પૃ. ૧૫૯

પોતાના માનસની તે સમયની દશાનું નિરૂપણ કરતાં એમણે એક પત્રમાં જણાવ્યું છે કે: "જગત તરફ અરુચિ થાય એટલે જ વૈરાગ્યની પ્રાપ્તિ થઇ જતી નથી. જગત તરફ અરુચિ થવી જોઇએ, તેમ પોતાના શરીર તરફ એટલે શરીરનાં સુખો તરફ પણ અરુચિ થવી જોઇએ. જયાં સુધી ઐહિક સુખોની

...........

[11]"સાગર" ની પત્રરેખા પૃ. ૧૦૮-૧૦૯

[12]હાલ આ સ્થળ શહેરમાંથી એલિસબ્રીજ તરફ જતા પુલના છેડાની ડાબી બાજુએ છે.

છૂપી છૂપી લાલસા પણ અંદર રહ્યા કરે છે ત્યાં સુધી વૈરાગ્ય આવ્યા જેવું દેખાય છે તે છતાં, ખરો વૈરાગ્ય તો આવતો જ નથી. ખરો વૈરાગ્ય એટલે તો – પૂરેપૂરો પ્રભુપ્રેમ અને હૃદયની આબાદ લગની. જગત તરફ અરુચિ થવા છતાં, એ લગની લાગવી બાકી હતી.[13]

આવી હૃદયની આબાદ લગની લાગવા માટે પ્રેમમાર્ગમાં કોઇ સ્થૂલ કે સૂક્ષ્મ પ્રતીકની આવશ્યકતા વિષે શ્રી. ચન્દ્રશંકર ન. પંડયાને લખેલા એક પત્રમાં "સાગરે" સમજાવ્યું છે કે: "આશ્ચર્યચકિત કરી નાંખે અને ફકત હૃદય પર નહીં પણ આત્મા પર સુધ્ધાં આકર્ષણ કરે એવી સૌન્દર્યની ઝાંખી વગર બહુલક્ષક મન એક જ કેન્દ્રમાં સ્થિત થઇ શકતું નથી. એ સૌન્દર્ય એને જીવે છે અને તેની ચંચલતા ધીમે ધીમે એકમાં જ લય પામે છે. એ સૌન્દર્ય દર્શન અમુક એટલે કે અમુક વ્યકિતમાં જ થાય એવો કશો નિયમ નથી. આ આખી આલમમાં પૂર ભરપૂર નૂર ભરેલું છે અને એ ઝાંખી જિગરને ગમે ત્યાં થઇ જાય છે. કેન્ટી અને બિયેટ્રીસનું દૃષ્ટાંત જેમ પાશ્ચાત્ય સાહિત્યમાં મોજૂદ છે તેમ લયલા–મજનુ શિરીન–ફરહાદ અને યુસુફ– ઝુલેખાના દષ્ટાન્ત ફારસી સાહિત્યમાં હંમેશને માટે પ્રકાશે છે.

સૌન્દર્યની જે ઝાંખી છે તે જ સ્નેહની ઝાંખી છે. એ જ હૃદયનું ધ્યેય અને ઉપાસ્ય થાય છે. એને Beau Ideal કહે છે. એના દર્શન પછી આશકની જિન્દગી શરૂ થાય છે."[14]

સ્નેહયોગમાં દેહલગ્નને બદલે આત્મલગ્નનું મહત્વ સાવિશેષ છે એ મુદ્દો સ્પષ્ટ કરતાં "સાગરે" એમને આ જ પત્રમાં સ્પષ્ટ સમજાવ્યું છે કે: "એક વ્યકિત બીજી વ્યકિતને ચાહે છે, અને તેમાં પણ સ્નેહી પાત્રો બીજાને વરેલા છે છતાં ચાહે છે" એટલી જ વાત રુઢિબદ્ધ ગુજરાતથી હજમ કરી શકાય એવી કદાચ

...........

[13]"સાગર" ની પત્રરેખા પૃ. ૫૨૭

[14]એજન, પૃ. ૧૧૦

નથી. ... ... ... ... હકીકતમાં તો પ્રભુ સર્વત્ર છે. પણ સામાન્ય દૃષ્ટિને તેનું દર્શન કોઇપણ સ્થળે થતું નથી, ત્યારે મીરાંબાઇને તે એક સ્થળે તેની મનગમતી મૂર્તિમાં થાય છે અને એ જ પ્રમાણે ખરા સૂફીને તે દર્શન પોતાની હૃદયમૂર્તિ - Beau Ideal માં અનુભવાય છે.[૧૫]

સૂફીવાદમાં શરૂઆતમાં આવતો ઇશ્કે-મિજાજી એમનામાં નહોતો, કારણ કે એમનું અધિષ્ઠાન જગતની કોઇ વ્યકિત તરફ નહોતું એમની પ્રિયમૂર્તિ ખુદ પરમાત્મા જ હતી. શ્રી. યોગીન્દ્ર ત્રિપાઠીનું "સાગર જીવન અને કવન" માં "સાગર" માટે કરેલું આ વિધાન યથાર્થ નથી.

મસ્તરંગના કવિઓ 'બાલ', 'મણિલાલ', કે 'કલાપી' ની માફક 'સાગરે' પણ સૂફીવાદનો પ્રારંભ ઇશ્કેમિજાજીના તબકકા ઉપરથી જ કર્યો છે. બાલ, મણિલાલ કે કલાપી એ એમના સ્નેહનો પ્રારંભ ઇશ્કેમિજાજીના પ્રથમ તબકકા ઉપરથી જ કર્યો છે તે હકીકત ગુજરાતના અભ્યાસીઓને સુવિદિત છે. બાલ ને મણિલાલ તો દુન્યવી સ્નેહની પ્રથમ કક્ષાથી આગળ જઇ શકયા જ નથી. 'સાગર' મસ્ત રંગના કવિઓથી આ દૃષ્ટિએ જુદા પડે છે. એમના અલૌકિક સ્નેહની કક્ષા વધુ ઉન્નત, વધુ ઊંચી અને ઇશ્કેમિજાજીના છેલ્લા તબકકાની છે એ એમનાં અપ્રસિધ્ધ કાવ્યો ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે.

ઇ.સ. ૧૯૦૮ ના નવેમ્બરની અઢારમી તારીખે લખેલું એમનું અપ્રસિધ્ધ કાવ્ય "દેવીની મૂર્તિને" માં એમણે પોતાનો સ્નેહનો આદર્શ આ પ્રમાણે વ્યકત કર્યો છે:

> હું જાણું છું: શિખાવે શું. અરે, તું સ્નેહની દેવી.
> ત્હને આ ચમના હસ્તે ઘટે અડવૂં નહીં દેવી.
> o o o

...........

[૧૫]એજન, પૃ. ૧૧૦-૧૧૧

"રહાવૂં" ને "સહેવૂં" એ જીવનનો મન્ત્ર છે દેવી.
ચલાવે વિશ્વવનાં વિશ્વો અચલ એ તન્ત્ર: ઓ દેવી.
o o o
બદન આ હો અગર ના હો! ગમે તે થાવ ઓ દેવી.
મગર મ્હારૂં હૃદય ત્હારૂં, કરીશૂં એક હો! દેવી![16]

સ્નેહયોગના પૂજારી "સાગરે" ઇ.સ. ૧૯૧૦ના સ્પ્ટેમ્બરની સત્તરમીના દિને રચાયેલા "જવા દે જંગલે ચાલ્યો " નામના બીજા એક અપ્રસિધ્ધ કાવ્યમાં પોતાનો દૃઢ નિર્ણય જાહેર કર્યો કે:

હજી લાયક વધુ થાવા, રજા દે જંગલે જાવા
શરીરે રાખ ચોળીને. હવે બનવું ઘટે બાવા.
o o o
સજા દે યા રજા દે તૂં: વિશુધ્ધિ પામવા દેવી.
જવા દે જંગલે ચાલ્યો, પ્રણય તપ તાપવા દેવી.[17]

"હૂં અને તૂં" નામક બીજા એક અપ્રસિધ્ધ કાવ્યમાં પોતાના પ્રેમની ઉચ્ચકક્ષા દર્શાવતાં "સાગરે" જણાવ્યું છે કે:

અદ્વૈત – આત્મદ્વયનું – સખિ લગ્ન કીધૂં,
અદૃશ્ય ત્યાં અમર બાલક જન્મ પામ્યૂં.
o o o
આ ધન્ય લગ્ન, સખિ, આન્તર આપણું છે.

...........

૧૬ "દેવીની મૂર્તિને"–અપ્રસિધ્ધ કાવ્ય

૧૭ "જવા દે જંગલે ચાલ્યો"–અપ્રસિધ્ધ કાવ્ય.

કદાપિ કેદખાનામાં મળે કે ન મળે પ્રિયે.
આત્માના ઓળખાણોથી હૂં - તૂં એક થશૂં હવે.

o o o

મણિલાલ કે બાલની માફક "સાગર" ઇશ્કે મિજાજીના જ પ્રવાસી રહ્યા નહી પરંતુ "કલાપી" ની માફક પોતાના સ્નેહનુ ઊર્ધ્વીકરણ કર્યું, એટલું નહીં પરંતુ તેથી પણ આગળ જઇ સ્થૂલ સૌન્દર્યમૂર્તિના પ્રતીકનો પણ ત્યાગ કરી "સાગરે" પરમાત્મપ્રાપ્તિની શોધનો પ્રયત્ન આરંભ્યો.

પોતાનો આવો દૃઢનિર્ણય એમણે એક પત્રમાં પણ જાહેર કર્યો છે:

"સુખ કે દુ:ખ બહારથી કશું નથી આવતું. દુનિયા અસત્યોમાં જીવે છે. જે પવિત્ર પ્રેમજીવન જીવે છે અને પ્રેમનું તપ તપે છે તેને મલિન વાસનાવાળા જીવો કશું કરી શકે એમ નથી. પ્રેમ એટલે જ પ્રેમમાં પોતાનું પોતાપણું નહીં.

શરીરના સુખમાં શાન્તિ છે જ નહીં, પ્રેમનુ ધ્યાન એ જ પ્રભુનું ધ્યાન છે"[૧૯]

એમનો આત્મપ્રેમનો આ આદર્શ એમણે "થાકેલું હૃદય" નામક કથાકાવ્યમાં પણ રજૂ કર્યો છે.

"સાગરે" પોતાની પત્ની સાથે પોતાનો ગૃહસ્થાશ્રમ ઇ.સ. ૧૯૧૧ના મધ્ય સુધી ચલાવ્યો પરંતુ પોતાના વિચારોને અનુરૂપ જીવન તે પોતાની પત્ની સાથે ગાળી શકશે નહીં એમ લાગતાં પોતાના ચિત્તની દશાને અનુરૂપ ગૃહસ્થાશ્રમ ન લાગવાને કારણે ઇ.સ. ૧૯૧૧ માં "સાગર" ઉત્તર હિન્દના પ્રવાસે ગયાં.[૨૦]

...........

[૧૯] "સાગર" ની પત્રરેખા - અપ્રસિધ્ધ પત્ર

[૨૦] "સાગર" ની જીવનનોંધ.

ત્યાંથી પાછા ફર્યા બાદ ચિત્રાલ પાસે આવેલા ગવાસદ ગામે થોડાક મહિના વનવાસી તરીકેનું જીવન ગાળવાનું યોગ્ય લાગતાં ત્યાં પણ થોડોક સમય રહ્યા.

પોતાના લઘુબંધુ શ્રી. મણિભાઇને – જેમણે પોતાના વડીલ બન્ધુ પ્રત્યેના અનન્ય સ્નેહને વશ થઇ એમના ગૃહસ્થજીવનનો તમામ ભાર ઉપાડી એમણે એમના સાહિત્યિક, ધાર્મિક અને તપસ્વી જીવન માટે અનુકૂળતા કરી આપેલી. તેમને પોતાના હૃદયની વ્યથા અને પોતાની ભૂલનો નિર્દેશ કરતાં એક પત્રમાં "સાગર" લખે છે કે:

સ્નેહનું દર્શન થયા પછી એકદમ આશકે જોગી થવું જોઇએ. એ જ હકીકતની વાત છે, અને આજ સુધી હું કુટુંમ્બની સાથે આ પ્રમાણે સંયુકત રહ્યો એ મેં અતિશય ગંભીર ભૂલ મારા જીવનમાં કીધી છે. જેમ એ ભૂલ બહુ ભયંકર અને ગંભીર છે તેમ તેનાં જુદા જુદાં અનેક પરિણામો પણ બહુ ગંભીર અને હાનિકારક આવ્યાં છે".[21]

પોતાના ગૃહસ્થજીવનનો નિર્દેશ કરતાં આ જ પત્રમાં "સાગર" દર્શાવે છે કે: "૧૯૦૮ ઓકટોબર પછી તુરત જ મારે આસપાસનાં બધાંઓથી બાહ્ય જીવનમાંથી પણ ખસી જવું જોઇતું હતું. એજ કર્તવ્ય હતું, એ જ સ્નેહ હતો, એ જ ન્યાય હતો. આશકને માટે કિસ્મતના કોઇ અજબ ખેલને લીધે તે ન બન્યું અને પરિવ્રાજક જેવો છતાં હું સંયુકત રહ્યો અને એ જ નસીબની નવાઇએ મને એક પુત્ર આપ્યો. ભલે આપ્યો. હવે મને શાન્તિથી હકીકત તપાસતાં હસ્તામલકવત વસ્તુ સ્પષ્ટ થાય છે કે માર્ગમાં વિલંબ થવાનું કારણ ફકત અસંગતાની ખામી અને                    એ સૂત્રનું વર્તનમાં ઉલ્લંઘન એ હતું.

...........

21 "સાગર" ની પત્રરેખાઓ પૃ. ૨૮૯

ખેર, Still it is not too late મારો માર્ગ હું કોઈની ખાતર, અરે ખુદ ખુદાની ખાતર પણ છોડી શકું એમ નથી.[22]

ઇ.સ. ૧૯૧૧ "સાગર" ના જીવનનું મહત્વનું વર્ષ હોઇ તેને "સાગર"ના સ્નેહયોગના સીમાચિહ્ન તરીકે ગણી શકાય, તેવું છે. ઉત્તર હિન્દના પ્રવાસ સમયે પોતાના સ્નેહનું પરમાત્મ પ્રેમમાં ઊર્ધ્વીકરણ કરી પોતાનો દૃઢ નિર્ણય "સાગર" એક પત્રમાં જણાવતાં લખે છે કે : "બન્ધુ! હું અમુક મનુષ્ય, વ્યકિતને ચાહું છું એવું માનવાને કશી જરૂર નથી. હું શું ચાહું છું તે "મારી સનમ"ને એકને જ માલૂમ છે અને તેને ઘણી વાર સ્પષ્ટ સાંભળતો છતાં તેનું બદન મેં જોયેલું નથી. હું તેને ચાહું છું કે જેનું બદન જોવાને હું ઇન્તઝાર છું અને જેનું બદન માટીનું બનેલું નથી પણ ખુદ શરાબનું બનેલું છે."[23]

સાગરે પોતાનું ઇશ્કે મિજાજીમાંથી ઇશ્કે હકીકીમાં થયેલું સ્નેહપરિવર્તન "મૂર્છના" નામક કાવ્યમાં દર્શાવતાં પોતાની સનમનો પરિચય આ પ્રમાણે આપ્યો છે.

" માશૂક! ના નથી જ પ્રાકૃત દેહ ધારી,
વા સ્થૂલનેત્ર તણું માત્ર ન લક્ષ્ય થાતી;
એ મૂર્તિ સૂક્ષ્મ તમ વિશ્વ બધાની સત્તા.
માશૂક એ પ્રભુ. અનુભવું જે પ્રભુતા.

[૫]'દીવાને 'સાગર'', દ.૧, પૃ.૨૬૬ "મૂર્છના"

...........

[૨૨]એજન, પૃ. ૨૯૦

[૨૩]એજન, પૃ. ૨૯૦

"સાગર" ના હૃદયમાં રહેલી પ્રભુપ્રેમની લગની મણિલાલની માફક માત્ર કાવ્યના અર્થઘટનની યુક્તિમાં જ મર્યાદિત નથી બની. જીવનના એક ગંભીર સત્યને "સાગરે" વર્તનમાં – આચરણમાં જીવી બતાવ્યું છે. તેની આપણે "એક મહાન ભૂલ" અને "મૂર્છના" પછીનાં કાવ્યોમાં રજૂ થયેલી ભાવના ઉપરથી જ પ્રતીતિ કરી શકીએ.

પરમાત્મપ્રાપ્તિ માટે સ્નેહના સ્થૂલ પ્રતીકની કક્ષા ગમે તેટલી ઉચ્ચ હોવા છતાં યોગ્ય નથી એ સમજાતાં "સાગર" પોતાનો પશ્ચાતાપ અને રુદન "પાપનિવેદન" કાવ્ય દ્વારા આ પ્રમાણે વ્યકત કરે છે.

કબૂલે શી રીતે દિલ્દાર. અગણ છે પાપનો વિચાર
ન ધર દિલ્બર. અમીની ધાર, હું પાપી છું, હું પાપીછું.
જીવનભર શું જિગર રડશે. ભટકશે – રાનમાં તપશે.
પ્રભુદ્રોહી શું ઉધ્ધરશે. હું પાપી છું, હું પાપી છું.
અરેરે. યોગ ભ્રષ્ટાત્મા. શી અધમોધ્ધારની આશા
પ્રભો પામર હું સાગર. હા. હું પાપીછું. હું પાપી છું.

– "દીવાને સાગર", દ. ૧, પૃ. ૨૭૨
"પાપ નિવેદન"

ઈ.સ. ૧૯૧૨ના પ્રારંભમાં જ "સાગર" નું હૃદય પ્રભુપ્રેમની લગની, પ્રભુવિરહની દર્દ અને દર્દની મસ્તી અનુભવે છે.

"સનમને સવાલ" "દરગાહ બસ મુજ કત્લગાહ" "જોગીની ગઝલ" "ફકીરી બાદશાહની ગઝલ", "મારી સનમ", "ખપાલે ઇશ્ક" જેવી ગઝલોમાં સનમ માટેની "સાગર" ની ઝંખના સ્પષ્ટ દૃશ્યમાન થાય છે – આ કાવ્યોના તલસ્પર્શી અભ્યાસ પરથી ઇશ્કેહકીકીના પ્રથમ તબકકામાં સ્નેહયોગના પૂજારી "સાગરે" કરેલો પ્રવેશ પણ સ્પષ્ટ જોઇ શકાય છે.

ઇ.સ. ૧૯૧૨ આ વર્ષ માં લખાયેલા ગીતો અને પદોમાં "સાગરે" પરમાત્મ પ્રેમનો મહિમા ખૂબ ભક્તિ ભાવપૂર્વક ગાયો છે.

સ્નેહયોગના પૂજારી "સાગર" "પ્રેમનું નિમંત્રણ" દ્દારા પોતાનો સ્નેહનો આદર્શ આ પ્રમાણે રજૂ કરે છે.

આવજો! આવજો! આવજો રે! સહુ પ્રેમના પૂજારી પધારજો.
મુલ્કે મહોબતે નગરી ફનાની! આંખો મીંચી, હાં, ચલાવજો રે.
પ્રેમ એજ ધર્મ અને ધર્મ એજ પ્રેમ છે: દમબદમ દીવાનાં પુકારજો રે.
સહુ પ્રેમના પૂજારી પધારજો.
દેહનો મોહ એ તો માયા બાઘલા. સંસારીને એ સુણાવજો રે.
સહુ પ્રેમના પૂજારી પધારજો.

"દીવાને સાગર" દ.૧, પૃ. ૨૮૬ "પ્રેમનું નિમંત્રણ",

"એક મહાન ભૂલ" કાવ્યમાં "સાગરે" પોતાના જીવન લક્ષ્યની પ્રાપ્તિનાં માર્ગમાં આગળ પ્રગતિ કરવામાં અવરોધક બળોનો નિર્દેશ કરતાં કહ્યું છે કે:

ના ના ભૂલ કબૂલતાં શરમ ના, ના ક્ષુબ્ધતા માનવી,
પોતાની જ કબુલ ભૂલ કરતું ઊંચે જતું માનવી.

'દીવાને સાગર' દ.૧ પૃ. ૩૦૯ "એક મહાન ભૂલ"

"દિલને રજા" ગઝલમાં "સાગરે" સ્નેહયોગના અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ માટે આ જ વર્ષે દૃઢપણે દિલને રજા આપતાં નક્કી કરી લીધું કે:

કચરી જિગર ઓગાળીને આંસુ બધાં પીવાં
બસ ઇશ્કને મંજૂર છે હિમાચલે તપવું
અલ્લાહના ફરમાનથી, દિલને જલાવી દઉં
ગુમદિલ બની બ્રહ્માંડમાં બસ બેફિકર ફરવું
મારી સનમ ખુદ છે ખુદા, કાં બેસબબ ઝૂરવું.

દૂર જા જિગર. સાગર. અગર બસ આંસુમાં તરવું.

" દીવાને સાગર," ઠ.૧, પૃ. ૨૯૮
"દિલને રજા"

"મૂર્તિ ખસેડાતાં" કાવ્યમાં પણ "સાગરે" ઇશ્કેહકીકીની પોતાની દશાનું નિરૂપણ કર્યું છે.

મૂર્તિ જતી તે તું નથી, તું તો રુહે રુહથી જડી,
માશૂક શરીર નથી નથી એ ભૂલવું ના જોઇએ.

" દીવાને સાગર," ઠ.૧, પૃ. ૩૩૧
"મૂર્તિ ખસેડાતાં"

આ પ્રકરણમાં આપણે વિગતે જોઇ ગયા કે ઇ.સ. ૧૯૦૬-૧૩ ના વર્ષો દરમિયાન જનસેવા, સાહિત્યપ્રવૃત્તિ અને આત્મવિકાસ માટેની આધ્યાત્મિક પ્રગતિના વિભિન્ન કાર્યક્ષેત્રોમાંથી ઇ.સ. ૧૯૧૩ ના અંતમાં એક માત્ર કલાપી દ્વારા "સાગર" નું હૃદય આધ્યાત્મિક પ્રગતિ તરફ વળી જતાં "સાગરે" સ્વીકારેલા પ્રેમ ધર્મના જીવનસિધ્ધાંતને અનુરૂપ જીવન ગુજારવાનો દૃઢ નિશ્ચય કર્યો. ઇશ્કેમિજાજીમાંથી ઇશ્કેહકીકીમાં થયેલું "સાગર" નું પરિવર્તન "મૂર્છના" અને "એક મહાન ભૂલ" કાવ્યોના અવતરણો પરથી સ્પષ્ટ જોઇ શકાય છે. ઇશ્કેહકીકીની મારફતની અંતિમ સ્થિતિ- "અનલ હકક" ની ભાવનાના સ્વાનુભવ માટે ઇ.સ. ૧૯૧૩ના ઓકટોબરની ચોવીસમીએ ચિત્રાલથી લક્ષ્યબિન્દુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી હિમાચલના તપશ્ચર્યા કરવાના દૃઢ નિર્ણય સાથે સ્નેહયોગના પૂજારીએ હિમાચલ તરફ પ્રયાણ આદર્યું.

.....